# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી

## ટેન્ડર નોટિસ
### જુના વાહન વેચવા માટેની ટેન્ડર નોટીસ

વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી હસ્તકના જુના વાહનો (૧) અશોક લેલેન્ડ બસ જીટીઓઃ ૨૯૧૩ અને (૨) મહેન્દ્ર જીપ જીબીએઃ ૭૩૭ જાહેર હરાજીથી ટેન્ડર ફોર્મ સ્વરૂપે વેચાણ કરવાના છે. આ અંગેના અંગેના ટેન્ડર ફોર્મ અને શરતો અત્રેની કચેરી ખાતેથી રૂબરૂમાં વાહન દીઠ રૂા.૫૦૦/–(અંકે રૂપિયા પાંચસો પુરા) જમા કરાવી તારીખઃ ૧૪/૦૫/૨૦૧૫ સુધીમાં મેળવી ભરેલા ટેન્ડર ફોર્મ સીલબંધ કવરમાં તારખઃ ૧૮/૦૫/૨૦૧૫ સુધીમાં સાજે ૬.૧૦ કલાક સુધીમાં આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયર દ્વારા પહોંચતા કરવાના રહેશે. આવેલ ભાવપત્રકો તારીખઃ ૧૯/૦૫/૨૦૧૫ ના રોજ બપોરે ૨.૩૦ કલાકે અત્રેની કચેરી ખાતે નિયત કરેલ કમિટીની હાજરીમાં ખોલવામાં આવશે. કોઈપણ ભાવપત્રક ૨દ કરવાનો અધિકાર કમિટીને અબાધિત રહેશે. સદર જાહેરાત અત્રેની વેબસાઈટ www.nau.in પર પણ જોવા મળી શકશે.

**તા.**૦૨/૦૫/૨૦૧૫
નવસારી

**સહી/–**
**વિસ્તરણ શિક્ષણ નિયામક**

# વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
# નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી.

## –:: વાહન વેચાણ અંગેની શરતો અને બોલીઓ ::–

૧. વાહનો અત્યારે જે હાલતમાં અને જે સ્થળે જે પરિસ્થિતિમાં છે તે રીતે ટેક્ષ તથા વિમાની કોઈપણ જવાબદારી સિવાય વેચાણ કરવાના છે.

૨. અશોક લેલેન્ડ બસ જીટીઓ–ર૯૧૩ નો માર્ચ –ર૦૧૫ પછીનો રોડ ટેક્ષ વેચાણ લેનાર ઈસમે ભરવાનો રહેશે

૩. મહેન્દ્ર જીપ જીબીએઃ ૭૩૭ ની આર.સી.બુક ન હોવાથી આ જીપના પાર્ટસ છૂટા કરીને ખરીદનાર ઈસમે ભંગાર તરીકે લઈ જવાના રહેશે તથા રૂા. ૧૦૦/–ના સ્ટેમ્પ પેપર ઉપર મહેન્દ્ર જીપ જીબીએ ૭૩૭ નો ઉપયોગ વાહન તરીકે ન કરવા માટેની બાંહેધરી આપવાની રહેશે.

૪. બંને વાહનો જુના કિસાનઘર, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતે જાહેર રજાના દિવસો સિવાય ૧૧.૩૦ થી ૧૭.૦૦ કલાક સુધી જોવા મળશે. વાહન હાલમાં જે સ્થિતિમાં છે તે જોઈને ટેન્ડર ફોર્મ ભરવાનું રહેશે.

૫. વાહન ખરીદનારે મહેન્દ્ર જીપ જીબીએ ૭૩૭ માટે ડીપોઝીટ પેટે રૂા. ૫૦૦૦/–( અંકે રૂપિયા પાંચ હજાર પુરા)નો ડીમાન્ડ ડ્રાફટ " એન.એ.યુ. ફંડ એકાઉન્ટ" નવસારીના નામનો અને અશોક લેલેન્ડ બસ જીટીઓ–ર૯૧૩ માટે રૂા. ૧૦,૦૦૦/–(અંકે રૂપિયા દસ હજાર પુરા) ડીમાન્ડ ડ્રાફટ " એન.એ.યુ. ફંડ એકાઉન્ટ" નવસારીના નામનો સાથે બીડાણ કરીને મોકલવાનો રહેશે, જે પાર્ટીનું ટેન્ડર ફોર્મ મંજૂર ના થાય તેમની ડીપોઝીટ પાછળથી કાર્યવાહી પૂર્ણ થયેથી ૩૦ દિવસમાં રીફંડ કરવામાં આવશે. જેમનું ટેન્ડર ફોર્મ મંજૂર થાય તે પાર્ટીએ દિન– ૫(પાંચ)માં વાહનની પુરેપુરી રકમ ભરીને આર.ટી.ઓ. પેપર્સ તૈયાર કરીને વાહનને અત્રેથી લઈ જવાનું રહેશે અને તેમાં નિષ્ફળ જનાર પાર્ટીની અનામતની રકમ કોઈપણ કારણ જણાવ્યા સિવાય જપ્ત કરવામાં આવશે. અનામતની રકમ સિવાયની ઓફરો/ ટેન્ડરો રદ કરવામાં આવશે.

૬. ટેન્ડરના ફોર્મ તા.૧૪/૦૫/ર૦૧૫ સુધીમાં અત્રેની કચેરી ખાતેથી રૂબરૂમાં વાહન દીઠ ટેન્ડર ફીની રકમ રોકડા રૂા. ૫૦૦/– ભરીને આ કચેરીએથી કચેરી સમય ૧૦.૩૦ થી ૧૭.૩૦ દરમ્યાન મેળવી લેવાના રહેશે. (ટેન્ડર ફી પરત કરવામાં આવશે નહીં.) ભરેલા ટેન્ડર ફોર્મ તા.૧૮/૦૫/ર૦૧૫ સુધીમાં ફકત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયર દ્વારા જ સ્વીકારવામાં આવશે. રૂબરૂમાં કોઈ પણ પાર્ટીના ટેન્ડર ફોર્મ સ્વીકારવામાં આવશે નહીં. ટપાલના કે અન્ય કારણોસર જો ટેન્ડર મોડા મળે તો તેની જવાબદારી અત્રેની કચેરીની રહેશે નહી. મોડુ મળેલ ટેન્ડર ફોર્મ રદ કરવામાં આવશે. ટેન્ડરના કવર ઉપર **"જુનુ વાહન ખરીદવાનું ટેન્ડર ફોર્મ વાહન નંબર"** અવશ્ય લખવાનું રહેશે. કવર ઉપર પાર્ટીનું નામ અને સરનામુ મોટા અક્ષરથી લખવું.

૭. ટેન્ડર ફોર્મ સ્વીકારવું/અસ્વીકારવું તેનો હકક વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી/કમિટી પાસે અબાધીત રહેશે, જેના માટે કોઈ કારણ જણાવવામાં આવશે નહીં.

૮. ટેન્ડર ફોર્મ વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રી, નવસારી કૃષિ યુનિવર્સિટી, યુનિવર્સિટી ભવન, બીજો માળ,નવસારીના સરનામે ફકત આર.પી.એ.ડી/સ્પીડ પોસ્ટ/કુરીયરથી નિયત સમય મર્યાદામાં મોકલવાના રહેશે.

૯. વાહન વેચાણ થયા બાદ તેના આર.ટી.ઓ. પેપર્સ તેમજ વાહન ટ્રાન્સફર કરવાની સઘળી જવાબદારી જે તે ગ્રાહકની રહેશે. અત્રેથી જરૂરી દસ્તાવેજો, પેપરોમાં સહી કરી આપવામાં આવશે.

૧૦. વાહનનો કબજો મેળવ્યાથી તમામ જવાબદારી ખરીદ કરનારની રહેશે.

૧૧. ટેન્ડર ફોર્મ તા.૧૯/૦૫/૨૦૧૫ ના રોજ બપોરે ૧૪.૩૦ કલાકે ખોલવામાં આવશે. ઈજારદારો અથવા તેમના પ્રતિનિધીએ હાજર રહેવું. કમિટી જરૂર પડયે વાહનની જાહેર હરાજી પણ કરી શકશે. આ જાહેર હરાજીમાં જે ઈસમોએ ટેન્ડર ફોર્મ ભરેલ હશે તેઓને જ ભાગ લેવા દેવામાં આવશે.

૧૨. શરતો બાબતે કોઈ વિવાદ ઉભો થાય ત્યારે યુનિવર્સિટીનો/કમિટીનો નિર્ણય આખરી ગણાશે જે ખરીદનારને બંધનકર્તા રહેશે.

૧૩. ઓફર આપનાર ઈસમે છેકછાક હોય ત્યાં ટૂંકી સહી કરવાની રહેશે.

૧૪. શબ્દોમાં અને આંકડામાં ભૂલ હશે તો જે રકમ વધારે હશે તે માન્ય ગણવામાં આવશે, આ બાબતે કોઈ વાદવિવાદ કે તકરાર ચાલશે નહિં.

ઉપરની મુજબની અનુક્રમ નંબર. ૧ થી ૧૪ ની તમામ શરતો વાંચીને સમજી છે, જે મને માન્ય/કબુલ/બંધનકર્તા છે.

પાર્ટીનું નામ..................................................

સરનામું......................................................

મોબાઈલ નંબરઃ.............................................

ખરીદનારની સહીઃ–

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

નવસારી.
તારીખઃ ૦૨/૦૫/૨૦૧૫.